જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૯/૨૦૧૪ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૪/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૨૮ લીટર દેશી દારૂ અને ૦૮ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૫/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૩૪૬/૧૪

**રાણીપ :** રાણીપ વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષની પરણીત મહિલાએ તા.૧૫/૯/૧૪ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૧૯૯૮ થી તા.૩૧/૮/૧૪ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના જેઠનો દિકરો નિર્મલકુમાર કિર્તીકુમાર રાવલે રાણીપ ખાતેનાં પોતાના સાસરીવાળા ઘરમાં તેમજ અલગ-અલગ જગ્યાએ, પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી પરણીતા સાથે શરીર સબંધ બાંધ્યો હતો. તેમજ પરણીતાના જેઠ-જેઠાણીએ આરોપીને મદદ કરી, પરણીતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.ચંપાવત ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૩૪૭/૧૪

**ઘાટલોડીયા :** બિધનચંન્દ્ર નવલચંન્દ્ર ગાંધી (રહે.તરૂણશકિત સોસાયટી, અલ્કાપુરી સોસાયટીની બાજુમાં ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૯/૧૪ સવારનાં ૧૦/30 થી સાંજનાં ૧૮/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ડીઝીટલ કેમેરો, બગસરાના સેટ, મોતીની માળા, ડાયમંડ સેટ, સાડીઓ તેમજ બીજી ચીજવસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૧,૭૪,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૨૩૪૮/૧૪

**માધવપુરા :** નાશીરખાન સાહિદખાન પઠાણ (રહે,જુના મ્યુનિ.સ્ટાફ ક્વોટર્સ, શાહપુર દરવાજા બહાર) એ તા.૧૫/૯/૧૪ સાંજનાં ૫/30 થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પઠાણની ચાલી, રહેમાની મસ્જીદના દરવાજા પાસે પોતાનું એક્સેસ સ્કુટર નંબર જીજે.૦૧.એસ.એફ.૬૬૦૨ પાર્ક કર્યુ હતુ. જે કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ જઇ સ્કુટરની ડેકીમાં મુકેલ રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજો સ્કુટરમાંથી કાઢી લઇ એક્સેસ સ્કુટર ધોબીઘાટ ચાર રસ્તા પાસે મુકી નાસી ગઇ છે. આ અંગેની ફરીયાદ નાશીરખાન પઠાણે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.મકવાણા ચલાવે છે.

**વાહન ચોરી:-** **સમાચાર યાદી નં.૨૩૪૯/૧૪**

**નારણપુરા :** સમીરભાઈ જયંતીલાલ શાહ (રહે, શ્રીનગર, ઈડર મુ.પો.તા. ઈડર જી.સાબરકાંઠાં) એ તા.૩૧/૮/૧૪ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા શાંતીનગર સહજીવન સોસાયટી ખાતેના મુનીમ હોલ આગળની ખુલ્લી જગ્યામાં પોતાની મારુતી વાન નંબર જીજે.૯.બી.૪૬૮૯ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરનાં ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગે સમીરભાઇ શાહે તા.૧૪/૯/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ. પારગી ચલાવે છે.

**ગુમ થવા બાબત:** **સમાચાર યાદી નં.૨૩૫૦/૧૪**

| | |
|---|---|
| **અમરાઇવાડી:** સોનલબહેન ઉર્ફે સોનુ જસવંતભાઈ ચાવડા (ઉ.વ.૨૨) (રહે.સવગણનગર વિભાગ-૩ જૈન મંદિર સામે નાગરવેલ અમરાઈવાડી) તા.૩/૯/૧૪ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પુત્ર ગૌરાંગને સાથે લઈ કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કેસરી રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે. (અમરાઈવાડી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૩૨૩૩૨) |  |
| **સાબરમતી:** હેતલબહેન આનંદભાઈ રાવળ (ઉ.વ.૩૦) (રહે. કૃષ્ણમ સ્ટેટસ આનંદ પાર્ટી પ્લોટ પાછળ ન્યુ રાણીપ) તા.૬/૯/૧૪ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (સાબરમતી પો.સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **શહેરકોટડા :** સાજદાખાતુન મોહમદઅખ્તર અંસારી (ઉ.વ.૧૯) (રહે.રણછોડજી મંદિર સામે સરસપુર) તા.૪/૯/૧૪ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી અને નારંગી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે. (શહેરકોટડા પો.સ્ટે.ટેલીફોન નંબર ૨૨૯૨૦૦૦૭) |  |
| **દરીયાપુર :** અનસુલ હિતેન્દ્રભાઈ અગ્રવાલ (ઉ.વ.૨૭) (રહે.નિલકંઠ મહાદેવ મંદિર વાડીગામ દરીયાપુર) તા.૯/૯/૧૪ બપોરનાં ૩/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી શાકભાજી લેવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કોફી અને ક્રીમ રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ ૪ ઈંચ છે. (દરીયાપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૧૩૫૭૦૧) |  |
| **ઓઢવ :** નેતલબહેન ઉર્ફે જયશ્રીબહેન નરસિહભાઈ સાધુ (ઉ.વ.૨૦)(રહે. સમીરનગર વિભાગ-૨ મહેશ્વરી સોસાયટી, ઓઢવ) તા.૪/૯/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે.જમણા હાથના પંજા ઉપર ઓમ કોતરાવેલ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.